IJCRT.ORG ISSN : 2320-2882
INTERNATIONAL JOURNAL OF CREATIVE RESEARCH THOUGHTS (IJCRT)
An International Open Access, Peer-reviewed, Refereed Journal

# ભારતમાં શિશુશિક્ષણ અભ્યાસક્રમ અને ક્રિયાકલાપ

**Dr. Jayshree N. Gurjar**
**Assistant Professor (Education)**
**Dr. Babasaheb Ambedkar Open University**
**Ahmedabad.**

- **પ્રસ્તાવના :**

માતાના ગર્ભ ધારણ થી જ બાળક ની વિકાસ યાત્રા શરુ થાય છે. આ વિકાસ યાત્રા મૃત્યુપર્યંત સુધી સતત ચાલતી રહે છે. આ વિકાસ યાત્રા ના વિવિધ તબક્કાઓ જેવા કે ગર્ભાવસ્થા, શીશુવસ્થા , કીશોરાવસ્થા, તરુણાવસ્થા, યુવાવસ્થા, પ્રૌઢાવસ્થા, વૃદ્ધાવસ્થા જોવા મળે છે. બાળક એક અવસ્થા માંથી બીજી અવસ્થા માં આપો આપ પ્રવીશે જતો નથી તેનામાં આવતા પરિવર્તનો સમગ્ર સમયગાળા માં વિસ્તરેલા હોય છે આ સંદર્ભમાં શિશુ અવસ્થાની લાક્ષણિકતાઓની વાત કરીએ તો કહી શકાય કે આ અવસ્થા માં તેવો અચલ મનના હોય છે. તેમનું સમગ્ર વર્તન તેમની જરૂરિયાતો સંતોષવા માટે નું હોય છે. કુટુંબ માંથી માતા પિતા, પરિવાર ના અન્ય સભ્યો ની રહેણીકરણી, વર્તન વ્યવહારો દ્વારા અનુકરણ કરતા શીખ છે. આમ, તે અનૌપચારીક રીતે કુટુંબમાંથી શિક્ષણ પ્રાપ્ત કરે છે જે તેના સર્વાંગી વિકાસ માં મદદરૂપ બંને છે.

- **શિશુશિક્ષણની આવશ્યકતા :**

ભારતીય સમાજ જીવન માં શિશુશિક્ષણ ની સ્વતંત્રપણે કોઈ જ આવશ્યકતા માનવામાં આવી નથી તેથી શિશુશિક્ષણની સ્વતંત્ર વ્યવસ્થા પણ કરવામાં આવી નથી. ગયા સો વર્ષો માં શહેરી સમાજ જીવન ની આવશ્યકતાને પરિણામે ભારત માં શિશુશિક્ષણના વિદ્યાલયોનો આરંભા થયો છે. ભારત માં હાલ શિશુશિક્ષણની જે વ્યવસ્થા છે તે પશ્ચિમી દેશો માંથી આયાત કરેલી વ્યવસ્થા છે. ડૉ. મારીયા મોન્ટેસરીની ભારત યાત્રા પછી જ ભારત માં શિશુશિક્ષણના વિધ્યાલયો નો વિસ્તાર થાય છે. શહેરો થી શરૂ કરી ને ગામડા સુધી શિશુશિક્ષણ પ્રસરતું ગયું છે.

આપણા દેશ માં બાલવાડી, વિકાસવાડી, આંગણવાડી વગેરે નામે પણ શિશુશિક્ષણ નો પ્રકલ્પ ચલાવવા માં આવે છે. એ પૈકી બાલવાડી અને વિકાસવાડી નો આધાર ગ્રામીણક્ષેત્ર છે તો આંગણવાડી નો આધાર મોટા નગરો માં આવેલી સેવા વસ્તી છે.

ભારત માં વર્તમાન સામાજીક, માનસિક અને સમાજ જીવન ની આવશ્યકતાના સંદર્ભ માં શિશુ વિદ્યાલય તો ચાલવાના જ. તેથી ભારત માં શિશુશિક્ષણની વ્યવસ્થા આપણને મૂળભૂત ભારતીય ચિંતન ના સંદર્ભમાં અને ભારતીય જીવન વિચાર ના આધારે કરવી પડશે.

➢ **ભારતમાં શિશુશિક્ષણ ની સંકલ્પના :**

ભારતીય જીવન દ્રષ્ટીના સંદર્ભ માં શિશુશિક્ષણની સંકલ્પના આ મુજબ છે.

શિશુશિક્ષણ અવસ્થા સંસ્કાર પ્રક્રીયા છે : આ ઉંમરમાં વિકાસ નું માધ્યમ સંસ્કારો છે. યોગ ની ભાષામાં તેણે અધિષ્ઠાનનું ચિત્ત કહેવાય છે. શિશુ જે જુએ છે, જેવું વાતાવરણ મળે છે તેમાંથી સંસ્કાર ગ્રહણ કરે છે અને જે સંસ્કાર ગ્રહણ કરે છે તેની અમીટ છાપ આજીવન રહે છે અને તે આચરણ દ્વારા વ્યક્ત થાય છે. તેથી શિશુ અવસ્થા એ સંસ્કાર ની પ્રક્રીયા છે. આ સંસ્કાર ત્રણ પ્રકાર ના- પૂર્વજન્મ ના સંસ્કાર, માતા-પિતા દ્વારા પ્રાપ્ત થતા સંસ્કાર અને વાતાવરણ દ્વારા પ્રાપ્ત થતા સંસ્કાર છે.

➢ **શિશુશિક્ષણ - અભ્યાસક્રમ અને ક્રિયાકલાપ :**

શિશુ અવસ્થા માં આવનારા બાળકો ની વય ત્રણ થી પાચ વર્ષ ની હોય છે. તે વયમાં શિક્ષણ સંસ્કાર નિષ્ઠ અને ઔપચારીક હોય છે. તેમાં અભ્યાક્રમ, પાઠ્યપુસ્તક, ગૃહકાર્ય, પરીક્ષા વગેરે હોતા નથી. શિશુ શિક્ષણ ના ત્રણ સ્વરૂપ છે એક સમગ્ર વિકાસ નો ઉદ્દેશ, બીજું અનૌપચારીક આનંદદાયક પ્રવૃત્તિઓનું માધ્યમમાં તથા ત્રણ સંસ્કાર આધારીત શિક્ષણ. આ જ તથ્યો ને ધ્યાન માં રાખીને અભ્યાક્રમ તથા પ્રવૃત્તિઓની રૂપરેખા તૈયાર કરવામાં આવી છે.

• **શિશુશિક્ષણ – અભ્યાસક્રમ :**

- શિશુ પોતાના આસપાસના વાતાવરણ, વનસ્પતિ, પશુપક્ષીઓ, મનુષ્યો સાથે જોડાયેલો છે. આ દ્વારા તે પોતાના આંતર જગત માં અનુભવ પ્રાપ્ત કરીને પરિચય મેળવે છે. જે તેના અભ્યાક્રમનું પ્રથમ પગથિયું છે.
- શિશુ નો પંચ મહા ભૂતો – પૃથ્વી, જળ, વાયુ, અગ્નિ અને આકાશ સાથે જ્ઞાનેન્દ્રિયો, મન, બુદ્ધિ અને આત્મા દ્વારા પ્રત્યક્ષ સંબંધ જોડાય છે. જે દ્વારા તે અનુભવો પ્રાપ્ત કરે છે. જેમ કે : સ્વાદ પરિચય, ધ્વનિ પરિચય, આકાર પરિચય, કઠણ-પોચા પદાર્થો નું વર્ગીકરણ.
- સૃષ્ટી સાથે સંબધ જોડવા માટે સૃષ્ટીમાં જે પદાર્થો છે, જે ઘટનાઓ ઘટે છે તે બધા નો સ્વભાવ અને સ્વરૂપ કેવા છે તે જાણવા માટે પ્રત્યક્ષ સંપર્ક કે પ્રયોગ ના માધ્યમથી અનુભૂતિ કરાવવામાં આવે છે. જેમ કે – પૃથ્વી નામક મહાભૂતનું સ્વરૂપ એટલે પથ્થર, પાણી એટલે જળ નામક મહાભૂત. પથ્થર ઉપર પાણી રેડીએ તો પાણી વહી જાય છે. પૃથ્વી નું અન્ય સ્વરૂપ માંટી - પાણી રેડતા માટી પાણી ને શોષી લે છે.
- સૃષ્ટીમાં કેવળ પદાર્થો જ નથી પરંતુ આનંદ, સૌદર્ય વગેરે પણ છે. સંગીત, ચિત્ર, શિલ્પ, સ્થાપત્ય, સાહિત્ય આદી કલાઓનો રસાસ્વાદ લેવાની ક્ષમતાનો વિકાસ જ શિશુના સર્વાંગી વિકાસ ને સમૃધ્દ્ બનાવે છે.
- સૃષ્ટીમાં નિર્જીવ પદાર્થો ની સાથે વૃક્ષ, છોડ, કીટકો, પતંગિયા, પશુ-પક્ષી વગેરે સજીવો છે. આ સજીવ સૃષ્ટીના સ્વભાવ અને વ્યવહાર નો શિશુ ને પરિચય થવો જોઇએ. જેથી આત્મીયતા કેળવી શકે.
- વિવિધ પ્રકારની ક્ષમતાઓ જેવી કે શારીરિક, માનસિક, બૌધ્દ્ધિ અને આત્મિક ક્ષમતાઓનો વિકાસ કરવો. આ માટે વિવિધ પ્રકારની પ્રવૃતીઓ કરાવવી.

- પૂર્વજો ના વિવિધ ગુણો જેવા કે પરાક્રમો, શૂરવીરતા, સેવાભાવના, દાનવીરતા, ભક્તિ, લોકકલ્યાણની ભાવના વગેરેનો પરિચય મેળવી ચારીત્ર ઘડતર કરી શકાય.
- આપણા વ્રત, ઉત્સવો, તહેવારો, રીતિ-રીવાજ, ધર્મગ્રંથો, તીર્થસ્થાનો વગેરે ની જાણકારી આપી સાંસ્કૃતિક વારસાથી પરિચિત કરાવવા.
- દેશ પ્રત્યે ગૌરવ અને સન્માન જાળવતા શીખવવું. દેશભક્તિ ગીતો ગાવા અને સાંભળવા, દેશભક્તિ નો ભાવ જગાડનારા ચિત્રો માં રંગ પૂર્તિ વગેરે.

- **શિશુશિક્ષણ – ક્રિયાકલાપ :**

- શિશુશિક્ષણ ક્રિયાકલાપને ત્રણ વિભાગ માં વહેચી શકાય.
- અનુભવ માટે ના ક્રિયાકલાપમાં સંગીત સંભાળવું, નૃત્ય જોવું, પાણી માં રમવું, વાર્તા સંભાળવી વગેરે નો સમાવેશ થાય છે. સંગીતમાં ગાયન, વાદન, નૃત્ય માં અનુભવ અને અભિવ્યક્તિ બંને છે જેમ કે ગીતા સંભાળવું એ અનુભવ છે અને ગાવું તે અભિવ્યક્તિ છે.
- અભિવ્યક્તિ માટે ના ક્રિયાકલાપમાં ગાવું, નૃત્ય કરવું, ચિત્ર બનાવવું, ઘટના નું વર્ણન કરવું, છોડ ને પાણી પાવું વગેરે.
- ક્ષમતાઓના વિકાસ માટેના ક્રિયાકલાપમાં દોડવું, દોરડા કુદવા, ઈટો પર ચાલવું વગેરે.
- શિશુ શિક્ષણના ઉદ્દેશની સિદ્ધિ માટે ઉચિત ક્રિયાકલાપની પસંદગી કરવી જોઈએ.

◈ **પંચમહાભૂતો સાથે સબંધ અને પરીચય :**

- માટી : માટીના રમકડા બનાવવા, ખાડા માં માટી ભરવી, માટી માં રમવું
- પાણી : સ્નાન કરવું, બોટલ ભરવી, પાણી માં રમવું.
- વાયુ : ફૂંક મારી ને ફુગ્ગો ફૂલાવવો, હવામાં કપડા સુકાવવા, ગરમી થી બચવા પંખો ફેરવવો.
- અગ્નિ : શિયાળામાં તડકા માં બેસવું, તાપણું કરવું
- આકાશ : વાદળ જોવા, વિમાન જોવું.

◈ **પદાર્થોના ગુણધર્મોનો પરિચય :**

- પાણી માં તરવું - ડૂબવું : પથ્થર, લાકડી નો ટુકડો, કાગળ ની હોડી, રૂપિયાનો સિક્કો પાણી માં નાખવો અને પ્રયોગ કરી જોવો
- ખાંડ, કાંકરો, મીઠું, લાકડી વગેરે પાણી માં નાખી પદાર્થનું ઓગળવું કે ન ઓગળવું ના ગુણધર્મોનો પરિચય કરાવી શકાય.

◈ **માનવસૃષ્ટીનો પરિચય :**

- દૈનિક જીવન વ્યવહાર – કચરો વાળવો, રંગોળી દોરવી
- માનવ સ્વભાવ – સંબંધ : કાગડો અને શિયાળ ની વાર્તા, વિવિધ ભાવ દર્શાવાતા ચિત્રોનો પરિચય
- પૂર્વજોની ઓળખ :મહા પુરુષો ના ચિત્રો નું નિરીક્ષણ
- સાંસ્કૃતિક પરિચય : વિવિધ તહેવારોની ઉજવણી

◈ **શારીરીક ક્ષમતાઓ નો વિકાસ :**

- હાથ – ફેકવું – ઝીલવું – બોલ, પથ્થર વગેરે
- પગ – ચાલવું, રમવું, કૂદવું
- વાણી – બોલવું, વાર્તાલાપ કરવો, મંત્રોચ્ચાર કરવા
- સંતુલન – મૌન અને સ્થિર બેસવું

◈ **સર્જનશીલતા** :

- ચિત્ર ના ટુકડા જોડવા, માટી નું ઘર બનાવવું, લાકડા ના બ્લોક ગોઠવવા, રેતીનું ઘર બનાવવું વગેરે

➢ **સમાપન :**

શિશુશિક્ષણ સારા વાતાવરણમાં થાય તો જ પ્રેમ, આનંદ, સહજતા, પ્રમાણિકતા ઉદ્ભવે છે. જેના દ્વારા શિશુ નો સર્વાંગી વિકાસ થાય છે. જે ભવિષ્ય માં એક સારા વ્યક્તિત્વ નું ઘડતર કરવામાં સહાયરૂપ થાય છે.

**સંદર્ભ સૂચિ**


- આંગણવાડી સંકલ્પના અને શિશુશિક્ષણનો ભારતીય પરિપ્રેક્ષ્ય – બી.એ.ઓ.યુ
- આંગણવાડી વ્યવહાર અને સંચાલન - બી.એ.ઓ.યુ
- બાળસંભાળ કેદ્ર નું સંચાલાન - બી.એ.ઓ.યુ